## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

## સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ

### નવા અભ્યાસક્રમ જોડાણ માટેની જાહેરાત

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ધ્વારા નવા અભ્યાસક્રમ/નવી કોલેજ સ્વનિર્ભર ધોરણે શરૂ કરવા માંગતી કોલેજ/સંસ્થા/રજીસ્ટર્ડ ટ્રસ્ટ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

### શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ માટે

નવી સ્નાતક કોલેજો (બી.એ./બી.કોમ./બી.એસસી. વગેરે)

અરજી કરવાની અંતિમ તારીખ: ૨૫/૦૭/૨૦૨૧

નવા અભ્યાસક્રમ શરૂ કરવા ઓનલાઈન અરજી, અરજી ફી, વગેરે અંગેની વધુ માહિતી યુનિવર્સિટી વેબસાઈટ www.bknmu.edu.in ઉપરથી મેળવી શકાશે. વધુ માહિતી માટે રજાનાં દિવસો સિવાય યુનિવર્સિટી એકેડેમિક વિભાગમાંથી રૂબરૂ માહિતી મેળવી શકાશે. એકેડેમિક વિભાગ સંપર્ક નંબર: ૦૨૮૫-૨૬૮૧૪૦૭, ૦૨૮૫-૨૬૮૧૪૦૩

**બીકેએનએમયુ/માહિતી/એકેડેમિક/જા.ખ./વેબસાઈટ પ્રસિદ્ધ/૮૯૭ /૨૦૨૧**

**તારીખ: ૧૪/૦૭/૨૦૨૧** **કા. કુલસચિવ**

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

વંચાણે: (૧) એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૨૭ નાં ઠરાવ ક્રમાંક ૨૭.૦૨.૦૮
(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક બીકેએનએમયુ/એકેડેમિક/૭૯૧/૨૦૨૧, તા: ૨૫/૦૬/૨૦૨૧
(૩) સમિતિનો અહેવાલ, તા: ૦૮/૦૭/૨૦૨૧

## પરિપત્ર:

**વિષય: ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં નવા અભ્યાસક્રમ/નવી કોલેજનાં જોડાણ બાબત**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ધ્વારા કોવીડ-19ની મહામારીની પરિસ્થિતિમાં રાજ્ય સરકારશ્રી ધ્વારા ધોરણ-૧૨માં પરીક્ષા ના લેતાં પ્રમોશન આપવા અંગે લેવાયેલ વિદ્યાર્થીલક્ષી નિર્ણય અનુસંધાને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રનાં ચાર જીલ્લાઓ (જૂનાગઢ, પોરબંદર, ગીર-સોમનાથ અને દેવભૂમિ દ્વારકા)માં કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે અને કોઈપણ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત ના રહે તે વિગત ધ્યાને લઇ વર્ષ: ૨૦૨૧-૨૨માં નવી કોલેજોને (NCTE, BCI, INC, IMC, વગેરે કાઉન્સિલ સિવાય) જોડાણ મંજુર કરવા અંગેની નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરવા વિચારણા કરવામાં આવેલ છે. જે અનુસંધાને સ્વનિર્ભર ધોરણે નવા અભ્યાસક્રમ શરુ કરવા માંગતી કોલેજ/સંસ્થા/રજીસ્ટર્ડ ટ્રસ્ટ પાસેથી નીચે મુજબની વિગતે અરજીઓ મંગાવવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ માટે નવી સ્નાતક કોલેજ (NCTE, BCI, INC, IMC, વગેરે કાઉન્સિલ સિવાય) સ્વનિર્ભર ધોરણે શરૂ કરવા અંગે નિયત તા: ૨૫/૦૭/૨૦૨૧ સુધીમાં માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ માટે જ સેક્શન-૪૦ (નોંધ–૧ થી ૪) મુજબ અને યુનિવર્સિટી નિયમાનુસાર અરજી કરવાની રહેશે.

**નોંધ:**

(૧) ટ્રસ્ટ/કોલેજ/સંસ્થાએ નવા અભ્યાસક્રમનાં જોડાણ માટે સેક્શન-40 મુજબ / યુનિવર્સિટીનાં નિયમાનુસાર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૨) શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ માટે નવી કોલેજનું જોડાણ મેળવવા ઈચ્છતા ટ્રસ્ટ/કોલેજ/સંસ્થાએ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે જ સેક્શન-૪૦માં કરેલ સુધારા મુજબની ઓનલાઈન અરજી ફી રકમ રૂ. 4,25,000/- (four lakh twenty-five thousand rupees) ભરવાની રહેશે.

(૩) અરજી ફી ઓનલાઈન ભરવાની રહેશે તેમજ સંબંધિત દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન અરજી ફોર્મમાં દર્શાવેલ તમામ જરૂરી વિગતો ફરજીયાત ભરવાની રહેશે.

(૪) અરજી ફોર્મ ઓનલાઈન ભરવા માટેની લિંક http://affibknmu.gipl.net/ અથવા યુનિવર્સિટી વેબસાઈટ ઉપર Academic ⟶ Affiliation ⟶ Apply Online (Application form for new Affiliation) જઈ ઓનલાઈન અરજી કરી શકાશે.

(૫) સંપૂર્ણ ભરાયેલ અરજી ફોર્મ તમામ સંબંધિત દસ્તાવેજો સાથે હાર્ડ કોપીમાં યુનિવર્સિટી એકેડેમિક વિભાગ ખાતે નિયત સમયમાં જમા કરાવવાનું રહેશે.

Sd/-
કા.કુલસચિવ

નં.બીકેએનએમયુ/એકેડેમિક/૮૯૬/ ૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલિટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જૂનાગઢ. તા: ૧૪/૦૭/૨૦૨૧